## સરદાર સ્મૃતિ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા ગીર સોમનાથ જિલ્લાના મહિલા ખેડૂતોનો પ્રાકૃતિક કૃષિ અંતર્ગત ત્રિદીવસીય તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો.

---

આત્મા પ્રોજેક્ટ, ગીર સોમનાથ જિલ્લાના ઉના અને વેરાવળ તાલુકાના કુલ ૧૧૨ જેટલા મહિલા ખેડૂતોનો પ્રાકૃતિક કૃષિ અંતર્ગત તા. ૧૮.૧૨.૨૦૨૩ થી ૨૦.૧૨.૨૦૨૩ દરમિયાન ત્રિદીવસીય તાલીમ કાર્યક્રમ સરદાર સ્મૃતિ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા યોજવામાં આવેલ. તાલીમ કાર્યક્રમમાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિઓ અને તેનું મહત્વ, ગૌવંશ અધારિત સજીવ ખેતી, પ્રાકૃતિક કૃષિમાં સકલિત જીવાત વ્યવસ્થાપન અને મિલેટ પાકોની ખેતી જેવા વિષયો પર વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવ્યુ હતું. વધુમાં, ખેડૂતોએ આણંદ કૃષિ યુનિવર્સિટીના સરદાર પટેલ એગ્રીકલ્ચરલ એજ્યુકેશનલ મ્યુઝિયમ, ઔષધિય પ્લાન્ટ નર્સરી અને પ્રાકૃતિક ખેતી નિદર્શન ફાર્મની મુલાકાત લીધેલ. તાલીમ કાર્યક્રમમાં ડૉ. વી. જે પટેલ, પ્રાધ્યાપક અને વડા, એગ્રોનોમી વિભાગ, ડૉ ડી,બી, સીસોદિયા, પ્રાધ્યાપક અને વડા, કિટ્કશાસ્ત્ર વિભાગ, શ્રી જે.ડી. દેસાઈ, મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી, સરદાર સ્મૃતિ કેન્દ્ર, ડૉ જી.એન. મોટ્કા, ડૉ એચ.કે. પટેલ, અન્ય કૃષિ વૈજ્ઞાનિકો અને આત્મા પ્રોજેક્ટના અધિકારીઓ હાજર રહેલ હતા.







